# <u>અટલ સ્ટ્રીટલાઈટ યોજના હેઠળ લાભ લેવા માટેનું અરજી પત્રક</u>

સોસાયટીનું નામ:-..........................................................................................

પ્રમુખ/મંત્રીનું નામ:-....................................................................................

સોસાયટીનું સરનામું:-.....................................................................................

પ્રમુખ/મંત્રીનો મો.નંબર:-...............................................................................

પ્રતિ, તા.   /   /૨૦

મ્યુનિસિપલ કમિશ્નર સાહેબશ્રી,
મહેસાણા મહાનગરપાલિકા,
મહેસાણા.

**વિષય:-** અમારી સોસાયટીમાં અટલ સ્ટ્રીટલાઈટ યોજના હેઠળ લાભ આપવા બાબત.

જય ભારત સહ,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અમારી..............................................................

................................ મહેસાણા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતી હોઈ મહેસાણા મહાનગરપાલિકાની "અટલ સ્ટ્રીટ લાઈટ યોજના" અંતગર્ત લાભ લેવા માંગીએ છીએ.જે બાબતે અમારી સોસાયટી દ્વારા તા............................થી યોજનાનો લાભ લેવા અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે.અમો અમારી સોસાયટીમાં લાગેલ સ્ટ્રીટલાઈટનું હયાત તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા સ્ટ્રીટલાઈટ વીજ વપરાશનું વીજ કનેક્શન સિક્યોરીટી ડીપોઝીટ સહીત વિના વળતરે મહેસાણા મહાનગરપાલિકાને સુપ્રત કરીએ છીએ અને મહેસાણા મહાનગરપાલિકા દ્વારા સદર યોજના અંતગર્ત નક્કી કરેલ તમામ શરતો અમોને માન્ય છે.તો સદર યોજનાનો અમારી સોસાયટીને લાભ આપવા અમારી નમ્ર વિનંતી છે.

**<u>બિડાણ:-</u>**

(૧)સોસાયટીનો યોજનાનો લાભ લેવા બાબતનો ઠરાવ

(૨)સોસાયટીના સ્ટ્રીટલાઈટ વીજ વપરાશ વીજ બીલની ઝેરોક્ષ

.....................................................

.....................................................

**સોસાયટીના પ્રમુખ/મંત્રીનું નામ અને સહી**

| અટલ સ્ટ્રીટલાઈટ યોજના અંતર્ગત મહેસાણામહાનગરપાલિકાએ નક્કી કરેલ શરતો:- | |
|---|---|
| ૧ | મહેસાણા મહાનગરપાલિકામાં અટલ સ્ટ્રીટલાઈટ યોજનાનો લાભ મળેથી સોસાયટી દ્વારા મહાનગરપાલિકાને સોંપવામાં આવેલ સ્ટ્રીટલાઈટ મેન્ટેનન્સની સુવિધા મહાનગરપાલિકા આપશે તથા વીજબીલ મહાનગરપાલિકા ભોગવશે. |
| ૨ | આ યોજનાનો લાભ લેવા સોસાયટીના પ્રમુખ/મંત્રી અથવા તો તમામ સભ્યોની સહીથી અરજી કરવાની રહેશે. |
| ૩ | સોસાયટીમાં લગાવેલા થાંભલા, લાઈટો સહીત સ્ટ્રીટલાઈટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સલગ્ન તમામ સામગ્રી વિના વળતરે સોસાયટીએ મહાનગરપાલિકાને સુપ્રત કરવાની રહેશે જેનો ઉપયોગ /રી –પ્લેસ /નિકાલ મહાનગરપાલિકા પોતાની રીતે કરી શકશે. |
| ૪ | સોસાયટીની મહાનગરપાલિકાને સોંપેલ તમામ બંદ થતી સ્ટ્રીટલાઈટો મહાનગરપાલિકા ક્રમશ વધુમાં વધુ ૧૮ વોટની એલ.ઈ.ડી લાઈટથી મેન્ટેન્સ કરશે. |
| ૫ | સોસાયટીએ વીજકંપનીના અગાઉના તમામ લહેણા ભરપાઈ કરી પોતાના સ્વ-ખર્ચે સ્ટ્રીટલાઈટ વીજ કનેક્શન મહાનગરપાલિકાના નામે નામફેર કરી આપવાનું રહેશે. |
| ૬ | સોસાયટીમાં કોઈ સામાજિક/ધાર્મિક કે અન્ય ફંકશન નિમિતે સોસાયટીએ વીજ કંપની પાસેથી અલગથી વીજ કનેક્શન લેવાનું રહેશે.મહાનગરપાલિકાને સોંપેલ વીજ કનેક્શનમાં કનેક્શન આપવામાં આવશે તો મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૨૫,૦૦૦/-નો દંડ વસુલ કરવામાં આવશે જે રકમ મહાનગરપાલિકાની નોટીશ મળેથી દિન-૭માં જમા કરવાની રહેશે જેમાં ચૂક થયેથી મહાનગરપાલિકા ઉક્ત સેવાનો લાભ બંધ કરશે. |
| ૭ | લાભ લેવા માગતી સોસાયટીઓમાં કુલ પ્લોટ પૈકી ઓછામાં ઓછા ૬૦% મકાનોની આકારણી થયેલ હોવી જરૂરી છે જે અંગેનો ઠરાવ સોસાયટીએ લાભ મેળવતી વખતે અરજી પત્રક સાથે રજુ કરવાનો રહેશે. |
| ૮ | અત્રેની કચેરીની સહમતી મળ્યા બાદ સોસાયટીએ વીજ કનેક્શન મહાનગરપાલિકાના નામે નામફેર કરવાની કાર્યવાહી કરવાની રહેશે. |
| ૯ | વીજ કનેક્શન નામફેરની તારીખ તથા ગ્રાહકનો નંબર મહાનગરપાલિકામાં જણાવવાનો રહેશે. |
| ૧૦ | સોસાયટીમાં લાગેલ કેબલ,એલ.ઈ.ડી લાઈટ કે અન્ય સ્ટ્રીટલાઈટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઈરાદા પૂર્વક નુકસાન પહોચાડવામાં ના આવે તેની તકેદારી સોસાયટીએ રાખવાની રહેશે અન્યથા નુકસાન થયેલ સ્ટ્રીટલાઈટ રીપેરીંગ કરવાની જવાબદારી સોસાયટીની રહેશે. |
| ૧૧ | મહેસાણા મહાનગરપાલિકામાં ઉપરોક્ત યોજનાનો લાભ મળેલથી સોસાયટી દ્વારા મહાનગરપાલિકાને સોંપેલ સ્ટ્રીટલાઈટ વીજ કનેક્શનમાં જમા રહેલ રકમ તથા ડીપોઝીટ મહેસાણા મહાનગરપાલિકાના નામે જમા લેવામાં આવશે. |

## બાંહેધરી

સદર અરજીમાં જણાવેલ વિગતો સાચી છે તથા ઉપરોક્ત તમામ શરતોનું પાલન કરવા અમો બાંહેધરી આપીએ છીએ.

______________________

______________________

**સોસાયટીનાપ્રમુખ/મંત્રી(નામ અને સહી)**